
પેગ-લેગ બેટ્સ

લાયની બરાશ



કલેટન "પેગ-લેગ" બેટ્સ વીસમી સદી ના એક મહાન ટેપ નૃત્યકારો માંથી એક હતો. જયારે તે યુવાન હતો ત્યારે કલેટન ને નૃત્ય કરવું પસંદ હતું, પણ જયારે એણે બાર વર્ષ ની ઉંમરે એક કારખાના માં એનો ડાબો પગ ખોઈ દીધો, તો કોઈ એ પણ આશા નહોતી કરી કે એ ફરી પાછો ચાલી શકશે, અથવા તો નૃત્ય કરી શકશે. પણ કલેટન ની સુરીલી ભાવના હજી જીવિત હતી. જલ્દી એણે કાખઘોડી નો આધાર લઈને નૃત્ય કરવાનું ચાલુ કર્યું, પછી એક ખૂંટી (લાકડા ના પગ) પર નાચવા લાગ્યો. થોડાજ વખત માં એનો લાકડા નો પગ એના બીજા પગ ની નૃત્ય ક્ષમતા ની બરાબરી કરવા લાગ્યો.


પેગ-લેગ બેટ્સે સમસ્ત અમેરિકા અને યુરોપ માં એના કાર્યક્રમ કર્યા. એણે નૃત્ય ની પોતાની અનોખી શૈલી થી દર્શકો ના દિલ જીત્યા. એ એક અદ્ભૂત શો-મેન હતો અને હરકોઈ માટે પ્રેરણા નો શ્રોત હતો. દ્રઢ સંકલ્પ અને જીવન માટે અગાધ પ્રેમ થી, એણે એની બદનસીબી ને જીત માં બદલી. એના જીવન ની સૌથી મોટી ઉપલબ્ધી એના જીવન નું અસાધારણ ઉદાહરણ હતું, જે એણે આપણા સૌની સામે રાખ્યું.




1912 માં દક્ષિણ કૅરોલીના માં, ક્લેટન બેટ્સ ફક્ત પાંચ વર્ષ નો હતો પણ એને જયારે મોકો મળતો એ નાચવા લાગતો. એની પાસે જૂતા ન હતા, એટલે એ ઉઘાડા પગે જ નાચતો. એની પાસે કોઈ સંગીત કે વાદ્યયંત્ર ન હતું, એટલે એ ખુદ હાથો ની તાળીયો પાડી અને પગે થી થપકી આપી નૃત્ય ને તાલ આપતો હતો.

ક્લેટન ની માઁ એક સહભાગી મજૂર હતી, જે એક ગોરા મલિક ની જમીન પર કપાસ ઉગાવતી હતી. એને બહુ ઓછી મજૂરી મળતી હતી. ગોરો મલિક એને જે મજૂરી આપતો એ સ્વીકાર કર્યા સિવાય એની પાસે કોઈ ચારો ન હતો. એ સમયે દક્ષિણ અમેરિકા ના ગ્રામીણ ક્ષેત્ર માં આ એક સામાન્ય વાત હતી.

ક્લેટન ને ખેતી થી સખત નફરત હતી. એટલે ખેતી ના કામ થી બચવા માટે, એ શહેર માં વાળંદ ની દુકાને ચાલ્યો જતો હતો. ત્યાં એને એનું નૃત્ય જોવાવાળા થોડા દર્શક મળી જતા હતા.






વાળંદ ની દુકાન માં ક્લેટન ગોરા લોકો માટે નૃત્ય કરતો હતો, જે એની તરફ સિક્કા ફેંકતા હતા. એ એમને માટે "બક" નૃત્ય કરતો હતો, જે વાસ્તવ માં "ટેપ" નૃત્ય હતું.

જયારે માઁ ને એના બેટા ની યાદ આવતી, તો એ ક્લેટન પાછળ દોડતી અને સમૂહ ને કહેતી, "તમે મારા છોકરા ને એક નાચવાવાળો વાંદરો ન બનાવો!"

અને પછી એ ક્લેટન ને ઘરે પાછો લઈ જતી.

પણ એનાથી ક્લેટન નું નાચવાનું બંધ ન થયું. એને કોઈ પણ રોકી ન શક્યું. એને નૃત્ય માં જ સૌથી વધારે મજા આવતી હતી, અને એ નાચવા માટે જે કંઈ પણ કરી શકતો હતો એ હંમેશા કરતો હતો.





જયારે ક્લેટન બાર વર્ષ નો થયો ત્યારે એણે એની માઁ ને પૂછ્યું કે શું એ ખેતર ના કામ થી બચવા સ્થાનીય કપાસ ના બીજ ની મિલ માં કામ કરી શકે છે. એની માઁ એ ચાહતી નહોતી. કારખાના માં કામ કરવા એ હજી બહુ નાનો હતો.


થોડા અઠવાડિયા પછી ક્લેટને ફરી વિનંતી કરી. માઁ એ કહ્યું, "હું આ વાત પ્રભુ પાસે રાખીશ અને એમને પૂછીશ કે શું કરવું જોઈયે."

બીજી સવારે માઁ એ "હા" કહ્યું. એ ખબર નથી કે એ પ્રભુ ની ઈચ્છા હતી કે ક્લેટને એની જીદ્દ થી માઁ ને થકવી દીધી હતી.

ક્લેટન મિલ માં કામ કરવા લાગ્યો. પણ ત્રીજે દિવસે એક ભયાનક દુર્ઘટના ઘટી. એનો ડાબો પગ મશીન માં ફસાઈ ગયો. એના પગ ને કાપવો પડયો, પણ એ કામ હોસ્પિટલ માં ન કરાયું. 1919 માં, અમેરિકા ના દક્ષિણ માં એક ગરીબ કાળા છોકરા માટે હોસ્પિટલ જવું સંભવ ન હતું. સ્થાનીય ડોક્ટરો એ ઘર પર રસોડા ના ટેબલ પર ઓપરેશન કર્યું.

કોઈ એ કલ્પના ન કરી કે ક્લેટન ફરીથી પાછો ચાલી શકશે.






માઁ એ રડતા-રડતા કહ્યું, "મેં ભગવાન ને સાંભળવામાં ભૂલ કરી હશે!"



માઁ એ જે કંઈ સાંભળ્યું એ સા ચું હતું કે ખોટું, પણ ક્લેટન નું જીવન હવે ક્યારેય સામાન્ય થવાનું નહોતું. એને માટે એ ઊંડી નિરાશા ની ક્ષણો હતી, પણ એના આત્મા માં કંઈક એવું હતું જેણે એને હતાશ થવા ન દીધો. એ હજી યુવાન હતો અને એનું જીવન ઉમંગ થી ભરેલું હતું. એના મસ્તિષ્ક માં સંગીત ની લય હતી જે એને બહાર કાઢવી હતી.



થોડા જ વખત માં ક્લેટને વાંસ ના બે ડંડા માં થી એક કાખઘોડી બનાવી અને એના સહારે ચાલવા લાગ્યો.



જલ્દી ક્લેટન સંગીત ની ધૂનો ને કાખઘોડી ની મદદ થી લય આપવા લાગ્યો. એને બસ નાચવું ગમતું હતું! પછી કાકા એ એને માટે એક લાકડા ને છોલી ને પગ - એક ખૂંટો - બનાવી આપ્યો. એ ખૂંટા ના છેડા પર અડધું રબર હતું જેથી એ લપસે નહીં અને અડધું ચામડું હતું જે અવાજ કરી શકે. એના જમણા પગ માં ક્લેટને "ટેપ" નૃત્ય નો વિશેષ બૂટ પહેર્યો.

ક્લેટને પોતાની અદ્ભૂત લય બનાવી. ધીરે-ધીરે "પેગ-લેગ બેટ્સ" નો સિક્કો જામવા લાગ્યો.

જયારે માઁ એ ક્લેટન ને જોયો, તો એણે વિચાર્યું, નૃત્ય જ એનું ભવિષ્ય છે, અને એમાં એને કોઈ રોકી નહીં શકે. કદાચ મારા ક્લેટન માટે આજ સૌથી સારું છે.





નાચતી વખતે એ બધા સામાન્ય કદમ રાખતો અને ચાલ ચાલતો હતો,



એ ક્રામ્પ રોલ ટર્ન પણ કરતો હતો,



એ મેગઝીફોર્ડ્સ





અને પુલબેક પણ કરતો હતો.


પણ જયારે પેગ-લેગ એ નૃત્ય કરતો, તો એ એના પોતાના ખાસ અંદાજ થી કરતો.
કોઈ એ પણ એના જેવો અંદાજ પહેલા જોયો નહોતો.

પેગ-લેગે એની કારકિર્દી કાળા દર્શકો માટે નાચવા થી શરુ કરી. એને એ માટે બહુ ગર્વ હતો. એ હર પોશાક ની સાથે મેચિંગ લાકડા ની પગ ની ખૂંટી પહેરતો હતો.


પેગ-લેગ ઘણી વાર એના નૃત્ય પ્રદર્શન નું સમાપન વિશેષ અમેરિકન "જેટ પ્લેન"નૃત્ય થી કરતો હતો. એ માટે એ મંચ પર ટેપ કરતી વખતે હવા માં પાંચ ફૂટ ઊંચો ઉછળતો હતો અને પછી ડાબા પગ ની ખૂંટી પર સીધો ઉતરાણ કરતો હતો, એ વખતે એનો જમણો પગ સીધો ધરતી સમાંતર રહેતો હતો. એ જોયા પછી દર્શક ઉભા થઈને તાળી પાડતા અને એની વાહ-વાહ કરતા હતા.








એણે અન્ય અશ્વેત કલાકારો સાથે અમેરિકા ની યાત્રા કરી,
અને વિભિન્ન કાર્યક્રમો માં નૃત્ય કર્યું.




ધીરે-ધીરે પેગ-લેગ નો કાર્યક્રમ જોવા દર્શકો ની ભીડ જામવા લાગી. ગોરા લોકો ના થિયેટર, જ્યાં કેવળ ગોરા કલાકાર અને દર્શકો ને જ અનુમતિ હતી, હવે એ પણ ક્લેટન ને બોલાવવા લાગ્યા, જ્યાં ગોરી નર્તકીઓ પોતાના મોઢા ને કાળું કરીને નાચ કરતી હતી. પેગ-લેગ પણ એ જ મેકઅપ માં નૃત્ય કરતો હતો. એથી કોઈને એના અશ્વેત હોવાની ખબર પડતી નહોતી.

શો પૂરો થયા પછી પેગ-લેગ અને અન્ય કલાકારો ને થિયેટર પાસે જમવાની અનુમતિ નહોતી. જમવા માટે એમને શહેર ના કાળા વિસ્તાર ની હોટેલ માં જવું પડતું હતું. પેગ-લેગે આ અનુચિત વ્યવહાર એટલે સહન કર્યો જેથી એનો નાચ ચાલુ રહે.







અંત માં પેગ-લેગ બેટ્સ ને એટલો આદર મળ્યો કે પછી એને વેશ બદલવાની કોઈ જરૂરત ન પડી. એણે એડ સુલ્લીવાન ટેલિવિઝન અને ફિલ્મો માં નૃત્ય કર્યું. જયારે એણે ન્યૂયોર્ક ના હાર્લેમ ની કોટન ક્લબ માં નૃત્ય કર્યું, ત્યારે એ એક સ્ટાર - એક મહાન કલાકાર બની ગયો.



એણે ઇંગ્લેન્ડ ના રાજા અને રાણી માટે પણ નૃત્ય કર્યું.





આખી દુનિયા માં શો કર્યા બાદ અને અવારનવાર ભોજન અને સુવાની સુવિધા થી વંચિત થવાથી તંગ આવીને પેગ-લેગે પોતાની રિસોર્ટ હોટેલ બનાવવાનો ફેંસલો કર્યો, જ્યાં એણે અશ્વેત લોકો નું હંમેશા સ્વાગત કર્યું. 1951 માં એણે ન્યૂયોર્ક ની કેટસ્કિલ પહાડી પર "પેગ-લેગ બેટ્સ કન્ટ્રી ક્લબ" ખોલી. પાંત્રીસ થી વધારે વર્ષો સુધી એણે ત્યાં પ્રદર્શન કર્યું અને એના મહેમાનો નું મનોરંજન કર્યું.

અત્યંત વિષમ પરિસ્થિતિ હોવા છતાં, પેગ-લેગ બેટ્સ ને કોઈ ક્યારેય પણ, કંઈ પણ કરતા રોકી ન શક્યા.



તમે કાળા હો કે ગોરા, તમારો એક પગ હોય કે બે, એનાથી કોઈ ફર્ક નથી પડતો. કેમકે સારું, હંમેશા સારું જ હોય છે.

પેગ-લેગ, બે પગ વાળા સારા ટેપ નૃત્ય કરવાવાળા જેવો જ હતો, અથવા એનાથી ચઢિયાતો હતો. "મારી સાથે કોઈ પણ ટક્કર ન લઈ શક્યું. એમ તો ઘણા લોકો એ કોશિશ કરીને જોયું."

"મને દયાદ્રષ્ટિ થી ન જુઓ. હું જે છું એનાથી ખુશ છું. મને લાકડી પર ટેપ કરવું સારું લાગે છે. જ્યાં સુધી હું કલ્પનાઓ અને ગરમ જિમ્નેસ્ટિક્સ ને ભેળવતો રહીશ, ત્યાં સુધી હું પેગ-લેગ બેટ્સ, એક પગ વાળો ડાન્સિંગ-મેન બની રહીશ!"



ક્લેટન "પેગ-લેગ" બેટ્સ, 1907-1998

સમાપ્ત